# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

## ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ

**સામાન્ય સભાની બેઠક, તાઃ ૨૮-૧૨-૨૦૧૯**

<u>ઠરાવ - ૧</u>

તા. ૨૮-૧૨-૨૦૧૯ના રોજ પાલનપુરમાં યોજાયેલ જ્ઞાનસત્રમાં મળેલ ગુજરાતી સાહિત્ય પરિષદની આ સામાન્ય સભા સર્વાનુમતે ઠરાવે છે કે ગુજરાત સરકારે ધો.૧થી ૮માં જેમ ગુજરાતી વિષય ફરજિયાત કર્યો છે તેમ જ ઉપલાં ધોરણો એટલે કે ધો.૯થી ૧૨ સુધી પણ ગુજરાતી વિષય ફરજિયાત કરે અને ગુજરાતી વિષયના ગુણાંકનને ઉચ્ચશિક્ષણ માટેના પ્રવેશમાં ગણતરીમાં લે તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ ગુજરાતીમાં ફરજિયાત વિષય તરીકે સામેલ કરે તેવી સરકારશ્રીને અપીલ કરે છે.

દરખાસ્ત કરનાર :- નરોત્તમ પલાણ

ટેકો આપનાર :- હર્ષદ ત્રિવેદી

આજની આ સભામાં ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરની સ્વાયત્તતા સંદર્ભે શ્રી પ્રકાશ ન. શાહ, શ્રી પરેશ નાયક, શ્રી હર્ષદ ત્રિવેદી, શ્રી રઘુવીર ચૌધરી, શ્રી સુરેશ રાવલ, શ્રી ભરત મહેતા, શ્રી બારોટસાહેબ ઇત્યાદિ સભ્યોએ સ્વાયત્તતા સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેના અનુસંધાને એક વ્યાપક પગલા સમિતિની રચના કરવાનું તેમ જ ગુજરાતના ૧૮૨ ધારાસભ્યોને જે તે મત વિસ્તારના લેખકો, કવિઓ, સાહિત્યરસિકો રૂબરૂ મળીને સ્વાયત્તતાનો પ્રશ્ન અંગે રજૂઆત કરે, આ સાથે વિવિધ સાહિત્યિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓનો સંપર્ક સાધવો તેવું વિચારવામાં આવ્યું. ત્યારબાદ નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો.

<u>ઠરાવ -૨</u>

તા. ૨૮-૧૨-૨૦૧૯ના રોજ પાલનપુરમાં યોજાયેલ જ્ઞાનસત્રમાં મળેલ ગુજરાતી સાહિત્ય પરિષદની આ સામાન્ય સભા ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા માટેની માંગને દૃઢાવે છે અને રાજ્ય સરકારને સર્વાનુમતે અનુરોધ કરે છે કે ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રમુખ સહિત સમગ્ર સત્તામંડળની મૂળ બંધારણ મુજબ વિના વિલંબે ચૂંટણી જાહેર કરે.

દરખાસ્ત કરનાર :- પ્રકાશ ન. શાહ

ટેકો આપનાર :- પરેશ નાયક

## આનંદની ઉજાણી

'આનંદની ઉજાણી'નો પહેલો પ્રસંગ તા. ૩૦-૧૧-૨૦૧૯ના રોજ સાંજે ૪ થી ૮માં ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ માર્ગ, અમદાવાદને આંગણે સી.એન. વિદ્યાલયના આ માસના ખાસ મહેમાનો વિદ્યાર્થીઓ, વાલીઓ, અધ્યાપકો, બસ-ડ્રાઇવર અને બીજા કાર્યકર્તાઓ અને સી.એન. વિદ્યાલયના નિયામક શ્રી કિરીટ જોશીનું ગુલાબનાં ફૂલ આપીને દિલથી પરિષદે સ્વાગત કર્યું હતું.

પરિષદના મેઘાણીભવનના ધાબા પર પ્રાકૃતિક સૌંદર્યમાં સી.એન.ના વિદ્યાર્થીઓએ સ્વરચિત કવિતાઓનું પઠન કર્યું. આ સમયે પરિષદપ્રમુખ શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર, પરિષદના મહામંત્રીશ્રી પ્રફુલ્લ રાવલ, ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્ર પટેલ, સર્વશ્રી પ્રકાશ ન. શાહ, યોગેશ જોશી, હર્ષદ ત્રિવેદી, વિનાયક રાવલ, અજય ઉમટ, સમીર ભટ્ટ, વિભા નાયક, સાગર શાહ, કિરીટ દૂધાત, માસુંગ ચૌધરી, દીપક કન્નલ વગેરે સાહિત્યકારો ઉપસ્થિત રહ્યાં હતાં. સાંજ ૭-૦૦ કલાકે વિખ્યાત શિલ્પકલાકાર, કલા-ઇતિહાસ-વિદ, એમ.એસ. યુનિવર્સિટી ઑફ બરોડા-ની ફૅકલ્ટી ઑફ ફાઇન આર્ટ્સના નિવૃત્ત પ્રોફેસર અને ડીન પ્રો. દીપક કન્નલે આ માસની કલાકૃતિ : પાબ્લો પિકાસોનું ચિત્ર, 'ગ્યર્નિકા'નો અને પિકાસોનાં બીજાં ચિત્રોનો વ્યાપક સંદર્ભ વગેરેની દૃશ્ય-રજૂઆત સાથે આસ્વાદ કરાવ્યો હતો.

*

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચી. મ. ગ્રંથાલયમાં ૧૭ માર્ચ ૧૯૮૦ તેમના જન્મદિવસ નિમિત્તે ૨૦૧૮થી એક સપ્તાહ માટે અલગ અલગ વિષય લઈને પુસ્તકપ્રદર્શનનો એક પ્રૉજેક્ટ થાય છે. તે સંદર્ભે આ વખતે ૧૭ ડિસેમ્બર ૨૦૧૯થી ૨૮ ડિસેમ્બર ૨૦૧૯ દરમિયાન શ્રી ધૂમકેતુના જન્મદિવસ (૧૨-૧૨) નિમિત્તે ટૂંકીવાર્તાઓનાં પુસ્તકો અને ખાસ વિષય સાથેનાં ટૂંકીવાર્તાઓનાં સંપાદનના પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. જેમાં રૂપાબહેન શેઠ, ગિરિમાબહેન ઘારેખાન, પરિષદના મહામંત્રી શ્રી પ્રફુલ્લભાઈ રાવલ, ગ્રંથાલયમંત્રી શ્રી પરીક્ષિતભાઈ જોશી, શ્રી માસુંગ ચૌધરી ઉપરાંત પાલીતાણાની આર.એમ.ડી. લોકવિદ્યાલયના ૬૦ વિદ્યાર્થીઓએ લાઇબ્રેરી અને પુસ્તકપ્રદર્શનનો લાભ લીધો હતો. હંમેશની જેમ પ્રિવ્યૂ આપી ન્યૂઝ પ્રકાશિત કરતા મીડિયાએ પણ આ પુસ્તકપ્રદર્શનની નોંધ લીધી હતી.

❑